# વૃક્ષારોપણ અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત એક્ષટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા" "આઝાદી કા અમૃત મહોત્સવ" ના ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના ઉચ્ચ શિક્ષણ કચેરીના No.NSS/વિશ્વ પર્યાવરણ દિન/7000-7643/ 2022 તા.03/06/2022 ના પત્ર અન્વયે તા.05/06/2022 ના રોજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વૃક્ષારોપણનું આયોજન કરેલ. જેમાં યુનિવર્સિટીના તમામ વિભાગો દ્વારા અલગ-અલગ જગ્યાએ વૃક્ષારોપણ કરેલ. જેમાં માન. કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય દ્વારા લીમડો અને જામફળના વૃક્ષનું રોપણ કરેલ અને વૃક્ષોને દત્તક લઈ તેમનું જતન કરવાનું અને તેમની જાળવણી કરવા માટેના શપથ લેવડાવ્યા. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા થયેલ વિવિધ જગ્યાઓ પર વૃક્ષારોપણ કાર્યક્રમની વિગત આ મુજબ છે. :

- યુનિવર્સિટીના કા.કુલસચિવશ્રી ડૉ. ભાવિન ત્રિવેદી તેમજ તમામ નિયામકશ્રીઓ ડૉ. નિલેશ મોદી (નિયામક-કમ્પ્યુટર સાયન્સ), ડો. અજીતસિંહ રાણા(નિયામક-સ્કૂલ ઓફ એજ્યુકેશન), ડૉ. મનોજ શાહ (નિયામક-સ્કૂલ ઓફ મેનેજમેન્ટ), ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી (નિયામક એકેડેમિક), ડૉ. આવા શુક્લા (નિયામક SS) અને તમામ અધ્યાપકશ્રીઓ દ્વારા યુનિવર્સિટીના કેમ્પસમાં લીમડા,ગુલમહોરના વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું.ત્યારબાદ તેમની ટ્રી ગાર્ડથી સુરક્ષિત કરવા માટે સપથ લીધાં.
- ત્યારબાદ યુનિવર્સિટીના તમામ વિભાગો જેવાં કે કમ્પ્યુટર વિભાગ દ્વારા આંબો, પરીક્ષા વિભાગ દ્વારા મીઠો લીમડો, એસેસમેન્ટ વિભાગ દ્વારા વડ, સ્કૂલ ઓફ એજ્યુકેશન દ્વારા સોનમહોર, મટીરીયલ વિભાગ દ્વારા લીમડાના વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું. અને તમામ વિભાગે વૃક્ષોનું જતન અને સુનિશ્ચિત કરવા માટેના સપથ લીધા.
- યુનિવર્સિટીના તમામ બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા પણ પર્યાવરણને નુકશાન ન પહોંચે તે માટે ઉત્સાહિત થઈ તમામ કર્મચારીઓએ સાથે રહીને વૃક્ષારોપણ કર્યું. વૃક્ષોનું જતન થાય માટે પ્રયત્નો કરતાં રહીશું તેવી બાહેંધરી આપવામાં આવી.
- આ કાર્યક્રમના અવસરે યુનિવર્સિટી તમામ પ્રાદેશિક કેન્દ્રો/ અભ્યાસકેન્દ્રો દ્વારા વિદ્યાર્થીઓ, સંયોજકશ્રીઓ સહાયથી ખૂબ જ ઉત્સાહિત રીતે વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું. અને સૂત્રોચ્ચાર દ્વારા વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું અને તેમનું આપણાથી હંમેશા જતન થાય તેવા પ્રયત્નો થાય તેવા સપથ સાથે કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી.






Dr. Babasaheb Ambedkar
Open University


Dr. Babasaheb Ambedkar
Open University


Dr. Babasaheb Ambedkar
Open University
Extension Activities Cell














Babasaheb Ambedkar








